# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સંસારમાં સાવધાન રહેવા જેવું છે

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

એક પાટીદારનો દીકરો બેભાન થઈ ગયો હતો. એકના એક પુત્રને બેશુધ્ધ જોઈને એનો પિતા વ્યાકુળ બની ગયો છે. મનમાં બહુ મુંઝવણ અનુભવે છે કે આ મારો છોકરો બેભાન થઈ ગયો છે તેનું શું થશે. આ પાટીદાર પોતાના દસેક વર્ષનાં બાળકને ઉંચકીને, કારીયાણી ગામની ભાગોળે તળાવની પાળે બાવળના વૃક્ષ નીચે શ્રીહરિ બિરાજ્યા છે. ત્યાં સભામાં લાવ્યો. શ્રીજી મહારાજ પાસે આવી મૂર્છા અવસ્થાવાળા બાળકને પ્રભુના ચરણ પાસે મૂકીને રડવા માંડ્યો. મહારાજ મારા છોકરાને જીવાડો. મારા દીકરાને બચાવી લો. શ્રીજી મહારાજ કહે છે ચિંતા ન કરીશ. જરાક મીઠું લઈ આવ જા. સ્વામિનારાયણ ભગવાને મીઠું મંગાવ્યું. પાણીમાં ઓગાળ્યું. કરૂણાનિધિએ પોતના હાથની આંગળી બાળકના મોઢામાં જરા ઊંડે નાખી. ઉબકો આવ્યો. થોડોક કચરો નીકળ્યો. પછી પ્રભુએ ઓગાળેલું મીઠું થોડું પાયું અને કહ્યું કે લઈ જા આ તારા પુત્રને હમણાં જ હાલતો ચાલતો અને દોડતો થઈ જશે. પછી તો બાળકને રેચ લાગ્યો. થોડી ઊલટીઓ થઈ અને સ્વસ્થ બની ચાલતો ચાલતો ઘેર ગયો.

મિત્રો ! તમને લાગશે કે વાર્તા પુરી થઈ ગઈ પણ હજુ ખરી વાર્તા તો હવે આવે છે. શ્રીજી મહારાજે આ બનાવ ઉપરથી જે ઉપદેશ આપ્યો એ બહુ કિંમતી છે. ખૂબ પ્રેરણાદાયી છે. આ બાળકે શું કરેલું. સૌરાષ્ટ્રમાં ખીજડા બહુ થાય છે. ઉત્તર ગુજરાતમાં પણ ખીજડા થાય છે. ખીજડામાં સીંગો થાય. લાંબી લાંબી સીંગો જો ભેળસેળ કરવી હોય તો ચોળાફળીમાં ભેળસેળ થાય. એવી સીંગો હોય છે. એ જ્યારે ખાવા લાગો તો સ્વાદિષ્ટ લાગે છે. કંઈ નુકશાન પણ નહીં એકાદ-બે સીંગો ચાવી જોજો સ્વાદિષ્ટ લાગશે. એવી ફરસી લાગે જાણે ગાંઠીયા ખાતા હોય એવી. પણ જો ભાન ન રાખો તો એ ખાવા જ માંડો, ખાવા જ માંડો. પછી પેટમાં જઈને પગ પહોળા કરે. પેટમાં ગયા પછી એ ફુલે છે. અને વાયુ-અજીર્ણ આફરો પેદા કરે. ભલભલા માણસો મૂંઝાય. પેટ એવું થઈ જાય કે ઝાલર ભેગું નગારું વગાડવામાં ચાલે. ઢમઢમ વાગવા માંડે. આ બાળકે ખીજડાની એ સીંગો ખાધેલી. એ બાળક છે, અજ્ઞાની છે એને ખબર નથી કે હું આ સીંગો ખાઉં છું. એનું પરિણામ શું આવશે. ભાવી અને ભાળી એટલી ખાધી અને પરિણામે  આફરો ચડ્યો. અજીર્ણ થઈ ગયું. ભાન ભૂલી ગયો.

શ્રીજી મહારાજે એને સાજો કર્યા પછી કહ્યું કે, હે ભક્તજનો ! જગતના જીવો આ બાળક જેવા અજ્ઞાની છે. તે વિષયોમાં, ફેલ-ફતુરમાં પાછું વાળીને જોતા નથી. એમને આનંદ આવે છે. એટલે વિષય, ફેલફતુરને અંદર ઉતારતા જ જ જાય છે, ઉતારતા જ જાય છે. પછી એ ભક્તિ માર્ગમાં ધર્મ અને કર્મમાં બેભાન જેવા થઈ જાય છે. ભાઈ વહેલા ઉઠોને સત્સંગમાં આવોને, તો કહેશે આપણે ઉઠાતું નથી. ક્યાંથી ઉઠાય ! એ બેભાન થઈ ગયો છે. વિષયોથી દુગ્ધ બની ગયો છે. કોઈપણ શુભ કામ કરવું હોય તો હતાશ થઈ ગયો છે. જેના હાડકાંના સાંધા ઢીલા થઈ જાય એ ઉભો જ ન થઈ શકે. આવા જગતના જીવની બાપડાં ઊભા થઈ શકે એવી સ્થિતિ નથી રહી. જગતનું, વ્યવહારનું, વિષયનું એટલું બધું અજીર્ણ વ્યાપી ગયું છે.

કોઈ ભાઈને પૂછ્યું કેમ હમણાં તમે   મહિનાથી મંદિરમાં દેખાતા નથી ? તો કહે તબિયત ખરાબ થઈ ગયેલી. અહોહો બહુ નુકશાન, તો તો એક મહિનાથી ઓફિસેય નહીં જઈ શકતા હો ! ઓફિસે દરરોજ જાઉં છું. તબિયત ખરાબ થઈ ગયેલી છે. તો ઓફિસ દરરોજ જાય છે. પણ મંદિરે આવવામાં તબિયત બગડી જાય. કારણ ખીજડાની સીંગો બહુ ખાધેલી છે. વિષયોથી દગ્ધ બનેલા અંતઃકરણવાળો જીવ ભક્તિમાં, ભજનમાં, સેવામાં શૌર્ય દાખવી શકતો નથી. હતાશ થઈ જાય છે. એની દવા ? આવા જીવની દવા શું ? કોઈ સદ્‌ગુરૂ મળે અને એ જીવના મોઢામાં આંગળી નાંખીને એણે જગતનો, વિષયનો જે કચરો અંદર ભર્યો છે તે થોડોક બહાર કાઢે અને પછી ભગવાનની ભક્તિને ઉપદેશરૂપી મીઠું પાય ત્યારે સાજો થાય. માટે જો જીવનમાં સુખી થવું હોય તો જગતના દૂષણોથી બચજો અને સદ્‌ગુરૂનું શરણું રાખજો.

●

## પ્રભુની લીલા કલ્યાણકારી છે

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એક સમયે અમદાવાદમાં શ્રીજી મહારાજ પધાર્યા હતા. નવાવાસમાં મોટી સભા ભરાઈ હતી. તે સભામાં ભગવાને બ્રહ્માનંદ સ્વામીને કહ્યું, સ્વામી એકાદું કીર્તન બોલોને, પણ જો જો જરા કંઈક હળવું, કીર્તન બોલજો. સ્વામી કહે છે મહારાજ ! તમને ઠપકો આપું એવું કીર્તન બોલું ? હા, એવું બોલો. એવું સુંદર બ્રહ્માનંદ સ્વામીનું કીર્તન છે. આપણે અહીં એનો ભાવાર્થ વાંચીશું.

બ્રહ્માનંદ સ્વામીના કીર્તનમાં સ્વામી કહે છે. અલ્યા ઓ કનૈયા, સ્વામિનારાયણ ભગવાનની સામે હાથ લાંબો કરીને કહે છે, 'ભવાન્' એટલે તું ઘણીવાર ભક્ત અને ભગવાન વચ્ચે એવો પ્રેમનો ભાવ પ્રગટે છે. ઐક્યનો અનુભવ થાય છે. એમાં તું કારો આવે. આપણે એવું કરવાની જરૂર નહીં. એ તો એવી સ્થિતિ આવે ત્યારે આપો આપ એક વચને બોલી દેવાય. બ્રહ્માનંદ સ્વામી કહે છે, અલ્યા ઓ કનૈયા ! તને જોઈને અમારા મનમાં એક શંકા થાય છે. કારણ કે નંદ અને યશોદા તારા મા અને બાપ બેય ધોળા છે. ગોરાં ગોરાં છે. તું એકલો કાળો કેમ થયો ? શાથી તું કાળીયો થયો ? એટલે અમારા મનમાં શંકા થાય છે.

અને બીજી વાત, બીજો પૂરાવો તારાં મા અને બાપ બેય સરળ પ્રકૃતિનાં છે અને તું એટલો બધો વિચિત્ર પ્રકૃતિનો છે કે અનેક પ્રકારનું સાઠ્યપણું તારામાં દેખાય છે. કોઈને તું હેરાન કરે છે. કોઈને ઘરબાર છોડાવીને બાવા કરી નાંખે છે. કોઈના મન અને ચિત્તને તું ચોરી લે છે. આ બધી ચોરી કરવાની ટેવ તારામાં છે. તારા મા અને બાપમાં નથી. ધર્મ અને ભક્તિ તો બહુ સરળ છે. બહુ સીધી સાદી પ્રકૃતિનાં અને તું એકલો આટલો બધો વિચિત્ર પ્રકૃતિવાળો કેમ ? એટલે અમને વહેમ પડે છે કે ચોક્કસ કંઈક ગરબડ છે. અને વળી પછી તારી પ્રકૃતિ તો જો.....

કીર્તનની છેલ્લી કડીમાં બ્રહ્માનંદ સ્વામીએ એવી રીતે હાથ લાંબો કર્યો કે આખી સભા હસી પડી. મહારાજ પણ હસ્યા. સ્વામીએ એ રીતે કહીને હાથ લાંબો કર્યો કે આટલી તારી ઉંમર થઈ ગઈ. આટલો તું મોટો છે છતાં કોઈએ તને દીકરી ન આપી. એનું કારણ જ એ છે કે તારા મા-બાપમાં ને તારામાં કાંઈક તફાવત છે. માટે તું કુંવારો જ રહી ગયો. નહિ તો જગતમાં કોઈ કુંવારા રહેતા નથી. ગમે તેને જેવાની સાથે તેવા મળી જ રહે છે. જ્યારે તને કોઈએ દીકરી ન આપી, તું આવડો મોટો છે લાખો માણસો તારા પગમાં પડતા હોય પણ તને કોઈએ કન્યા ન આપી. તો પછી મારો છેડો શું કામ પકડે છે ? મારો પાલવ છોડી દે ? મહારાજની સામે બ્રહ્માનંદ સ્વામીએ પોતાના હાથનો એવો લટકો કર્યો એટલે આખી સભા હસી પડી કે કુંવારા બેઠા છો હજુ સુધી ક્યાંય ઠેકાણું નહિ પડ્યું હોય એટલેજતો આવાં સુંદર ચરિત્રો સંતોએ નોંધ્યા છે.

મિત્રો ! બ્રહ્માનંદ સ્વામી તો સ્વામિનારાયણ ભગવાનના સખા હતા. તેથી ભગવાનને પ્રસન્ન કરવા માટે ઘણીવાર આવાં હળવાં પ્રસંગો સભામાં કહેતા અને ભગવાન રાજી થતાં, ભગવાનનાં પ્રત્યેક લીલા ચરિત્રો કલ્યાણકારી છે. શ્રધ્ધાથી તેનું વાચન કે શ્રવણ કરે તેનું પણ શ્રેય થાય છે. માટે જ સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં કહ્યું છે કે મનને નવરૂં રહેવા દેવું નહિ જ્યારે પણ મન નવરૂં પડે ત્યારે ભગવાનની મૂર્તિ અને લીલા ચરિત્રોમાં પરોવી દેવું.